# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29-10-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

**************************************************

1) ગુજરાતના અમરેલીમાં સભાને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'આજે સમગ્ર વિશ્વ ભારતને નવી નજરથી જોઈ રહ્યું છે.'

2) પ્રધાનમંત્રી આજે નવી દિલ્હીમાં આરોગ્ય સંબંધિત અંદાજે 12 હજાર 850 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

3) મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ

4) ભારત અને ન્યૂ ઝિલેન્ડ મહિલા વન-ડે ક્રિકેટની ત્રીજી અને અંતિમ મેચ આજે અમદાવાદમાં રમાશે

5) પૂર્વ મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં કેટલાંક વિસ્તારોમાં આજે વાવાઝોડા સાથે વરસાદની આગાહી

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NT PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'ભારતમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે અને વિશ્વમાં દેશનું ગૌરવ વધી રહ્યું છે.' શ્રી મોદીએ કહ્યું કે, આજે વિશ્વ ભારતને નવી નજરથી જોઈ રહ્યું છે. તેની ક્ષમતાને ઓળખી રહી છે અને ભારતને ગંભીરતાથી સાંભળી રહી છે. પ્રધાનમંત્રીએ ગઈકાલે ગુજરાતના અમરેલી જિલ્લામાં 4 હજાર 800 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ સભા સંબોધી રહ્યા હતા.

બ્રિક્સ સંમેલન માટે તાજેતરના રશિયા પ્રવાસનો ઉલ્લેખ કરતાં શ્રી મોદીએ કહ્યું કે, આજે બધા ભારત સાથે જોડાવા અને રોકાણ કરવા માગે છે. પ્રધાનમંત્રીએ જર્મનના ચાન્સેલર ઑલાફ સ્કોલ્ઝના પણ તાજેતરના ભારત પ્રવાસ અને જર્મની સાથે અનેક સમજૂતી પર હસ્તાક્ષર થયા હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

શ્રી મોદીએ ઉમેર્યું કે, 'જર્મનીએ વાર્ષિક વિઝા ક્વૉટાને વર્તમાનના 20 હજારથી વધારીને 90 હજાર કરી દીધો છે, જેનાથી ભારતીય યુવાનોને લાભ થશે.' પ્રધાનમંત્રીએ કહ્યું કે, આર્થિક રીતે નબળા લોકો માટે પાકા ઘર, વીજળી, રોડરસ્તા, રેલવે, હવાઈમથક અને ગેસ પાઈપલાઈન જેવી પાયાની સુવિધા વિકસિત ભારતના નિર્માણ માટે જરૂરી છે. તેમણે ઉમેર્યું કે, NDA સરકાર પોતાના ત્રીજા કાર્યકાળમાં પાયાના માળખાના વિકાસ પર ઝડપથી કામ કરી રહી છે.

# PM DHANVANTARI JAYANTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ધન્વંતરિ જયંતી અને નવમા આયુર્વેદ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં આરોગ્ય સંબંધિત અંદાજે 12 હજાર 850 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનામાં 70 વર્ષ અને તેનાથી વધુ વયના નાગરિકોનો પણ સમાવેશ કરવાની યોજનાનો શુભારંભ કરશે. આ યોજનાથી તમામ વર્ગના વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ હશે. શ્રી મોદી દેશના પ્રથમ અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાનના બીજા તબક્કાનું પણ ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી મધ્યપ્રદેશમાં ત્રણ આરોગ્ય મહાવિદ્યાલયોનું પણ ઉદ્ઘાટન કરશે.

ઉપરાંત તેઓ હિમાચલપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, આસામ અને નવી દિલ્હીમાં અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનોમાં આરોગ્ય સેવાના વિસ્તરણ અને જનઔષધિ કેન્દ્રનો શુભારંભ કરશે. પ્રધાનમંત્રી મધ્યપ્રદેશના ઈન્દોરમાં કર્મચારી રાજ્ય વીમા નિગમ – E.S.I.C. હૉસ્પિટલનું ઉદ્ઘાટન કરશે. ઉપરાંત શ્રી મોદી યુ-વિન પૉર્ટલનો પ્રારંભ કરાવશે.

# GOYAL SAUDI VISIT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલ આજથી સાઉદી અરબના 2 દિવસના પ્રવાસ પર રહેશે. ભારત અને સાઉદી અરબ વચ્ચે ભાગીદારી વધારવી, વેપાર રોકાણ અને આર્થિક સહયોગના ક્ષેત્રોમાં નવી તક શોધવી એ આ પ્રવાસનો ઉદ્દેશ હશે. શ્રી ગોયલ સાઉદી અરબના રિયાધ ખાતે આઠમા ભાવિ રોકાણ પહેલ સંમેલનમાં પણ ઉપસ્થિત રહેશે.

શ્રી ગોયલ સાઉદી અરબના મુખ્યમંત્રીઓની સાથે બેઠક કરશે. દરમિયાન ઊર્જા રૂપાંતર, ડિજિટલ સુધારણા અને વેપાર સુવિધા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થશે. શ્રી ગોયલ ભારત-સાઉદી અરબ ભાગીદારી પરિષદ અંતર્ગત અર્થવ્યવસ્થા અને રોકાણ સમિતિની બીજી મંત્રીસ્તરની બેઠકની સહ-અધ્યક્ષતા પણ કરશે. દરમિયાન ખેતી, ખાદ્યસુરક્ષા, ઊર્જા, ટેક્નોલોજી અને માળખાગત વિકાસ અંગે ચર્ચા થશે. શ્રી ગોયલ સાઉદી અરબમાં આવેલા ભારતીય દૂતાવાસમાં "એક જિલ્લા એક ઉત્પાદન" દિવાલનું પણ અનાવરણ કરશે.

# MAHARASHTRA NOMINATIONS

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે. આવતીકાલે આ પત્રોની તપાસ કરાશે. ઉમેદવારો ચાર નવેમ્બર સુધી પોતાનું નામ પરત લઈ શકશે. રાજ્યની તમામ 288 બેઠક માટે 20 નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થશે. જ્યારે 23 નવેમ્બરે મતગણતરી કરાશે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારે ગઈકાલે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. રાજ્યના વન મંત્રી અને ભાજપના નેતા સુધીર મુનગંટીવાર અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરેએ પણ ગઈકાલે ઉમેદવારીપત્ર ભર્યું હતું.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.............................................................................

# JHARKHAND NOMINATIONS

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે. આ તબક્કામાં આગામી 20 નવેમ્બરે 8 વિધાનસભા મતવિસ્તારમાં મતદાન થશે. આ માટે અત્યાર સુધી 632 ઉમેદવારોએ ઉમેદવારીપત્ર ભર્યા છે. તેમના ઉમેદવારીપત્રોની તપાસ આવતીકાલે કરાશે અને ઉમેદવારો પેહલી નવેમ્બર સુધી પોતાનું નામ પરત લઈ શકશે.

દરમિયાન ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજ્યમાં તપાસ અભિયાન દરમિયાન ગેરકાયદે વસ્તુઓ અને 86 કરોડ 32 લાખ રૂપિયા રોકડ રકમ કબજે કરવામાં આવી છે. જ્યારે આચારસંહિતાના ઉલ્લંઘનના 20 કેસમાં F.I.R. નોંધવામાં આવી છે..

# HOME MINISTRY CYBER CRIME

ભારતીય સાયબર ગુના સહકાર કેન્દ્રએ અન્ય લોકોના બેન્ક ખાતાનો ઉપયોગ કરીને ગેરકાયદે ચૂકવણી પ્રણાલી બનાવવા સામે ચેતવણી આપી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે સંગઠિત સાયબર ગુનેગારો મની લૉન્ડરીંગ માટે આવા બેન્ક ખાતાઓનો ઉપયોગ કરે છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ગુજરાત અને આંધ્રપ્રદેશ પોલીસ દ્વારા તાજેતરના દરોડામાં આંતરરાષ્ટ્રીય ગુનેગારો ગેરકાયદે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ દ્વારા સાયબર ગુનાઓ કરી રહ્યા હોવાનો ખુલાસો થયો છે. ગૃહ મંત્રાલય અન્ય સંસ્થાઓ સાથે મળીને સાયબર ગુનાઓ સામે રક્ષણ માટે પગલાં લઈ રહ્યું છે.

# INDIA NZ WOMEN CRICKET

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ન્યૂ ઝિલેન્ડ સામેની શ્રેણીની ત્રીજી અને અંતિમ વન-ડે મેચ આજે અમદાવાદમાં રમશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આ મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે. ત્રણ મેચની શ્રેણીમાં અગાઉ બંને ટીમ એક-એક મેચ જીતી લીધી છે.

આ પહેલા રવિવારે રમાયેલી મેચમાં ન્યૂ ઝિલેન્ડે ભારતને 76 રનથી પરાજય આપ્યો હતો. ન્યૂ ઝિલેન્ડે ટોસ જીતીને પહેલા બેટિંગ કરતાં નવ વિકેટ ગુમાવી 259 રન બનાવ્યા હતા. જ્યારે ભારતીય ટીમ 183 રનમાં જ ઑલ-આઉટ થઈ ગઈ હતી.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે પૂર્વ મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં છૂટાછવાયા સ્થળોએ વીજળી સાથે વાવાઝોડાની આગાહી કરી છે. જ્યારે ગુરુવાર અને શુક્રવારે દરિયાકાંઠાના કર્ણાટકના સ્થળોએ ભારે વરસાદની પણ આગાહી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, દરિયાકાંઠા અનેદક્ષિણ આંતરિક કર્ણાટક અને લક્ષદ્વીપમાં છૂટાછવાયા વાવાઝોડા અને વીજળી સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

# UKRAINE MARTIAL LAW

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ દેશના વર્તમાન માર્શલ લૉને આગામી સાત ફેબ્રુઆરી સુધી લંબાવવાનો પ્રસ્તાવ આપ્યો છે. સંસદની પ્રેસ સેવાએ જણાવ્યું કે, માર્શલ લૉના વિસ્તરણ અંગેનો ખરડો સંસદમાં રજૂ કરાયો છે. એક અલગ ખરડામાં શ્રી ઝેલેન્સ્કીએ સાંસદ યુક્રેનમાં સામાન્ય સૈન્ય મેળાવડાને આગામી ૧૦ દિવસ સુધી વધારવા માટે પણ અનુરોધ કર્યો છે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરે છે  હર્ષલ પંડ્યા

1) આજના અખબારોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાતને તમામ અખબારોએ મુખ્ય સમાચાર બનાવ્યાં છે. જેમાં વડોદરામાં એરક્રાફ્ટની ફેક્ટરીના ઉદઘાટન અને અમરેલીમાં વિવિધ પરિયોજનાઓના લોકાર્પણ અને ખાતમૂહુર્તના સમાચાર હેડાલાઇન્સમાં રહ્યાં છે.

2)સંદેશ અખબારે હેડલાઇન્સમાં લખ્યું છે કે સરકારનું મિશન-મેક ઇન ઇન્ડિયા, મેક ફોર વર્લ્ડઃ મોદી

3)નવગુજરાત સમયે વડોદરામાં એરક્રાફ્ટ પ્રોજેક્ટ ઐતિહાસિક ક્ષણઃ પીએમ મોદી

4)ફૂલછાબે પહેલા પેજ ઉપર મુખ્ય સમાચારમાં લખ્યુ છે કે રાજકોટ, મોરબી, જામનગરમાં મિનિ જાપાન થવાની તાકાતઃ મોદી

5)જ્યારે ગુજરાત સમાચારે કાશ્મીરમાં સૈન્યના કાફલા ઉપર હુમલો કરનારા ત્રણ આતંકવાદીઓ ઠાર એવા શિર્ષક હેઠળ સમાચાર બનાવ્યાં છે.

6)જ્યારે હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા અને અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાતના સમાચારને પહેલા પેજ ઉપર હાઇલાઇટ કરી છે.